# Press Note

ગઈ તારીખ 01/02/2019 ના રોજ સમય 16.30 વાગ્યાના સુમારે કો.પો.સ્ટે. કડૈયા નાની દમણના SHO શ્રી શ્રી સોહેલ જીવાણી સાહેબે ભીમપોર આઉટ પોસ્ટના ઇન્ચાર્જ તેમજ HC 289 નિલયકુમાર કનૈયાલાલ ઠક્કર તેમજ HC 305 તેમજ બીજા PCR-4 સ્ટાફ વાળાઓને રૂબરૂમાં કોસ્ટલ પો.સ્ટે. કડૈયામાં બોલાવી અને સમજ કરેલ કે એક ખાનગી બાતમી મળેલ હોય, જેમાં જણાવેલ કે કોસ્ટલ હાઇવે મેઇન રોડ ભીમપોર ખાતે એક બંધ કંપની PVN Fabric આવેલ હોય, જેમાં કોઇ અજાણ્યા કબાડીના માણસો આઇસર ટેમ્પા સાથે સદર કંપનીમાથી ભંગારના માલની ચોરી કરતાં હોય, એવું જણાવતા આ બાતમીના અનુસંધાને કો.પો.સ્ટે. કડૈયા, નાની દમણના ઇન્ચાર્જ સાહેબે બાતમી વાળી જગ્યા પર જવા આદેશ કરતાં એક પોલીસ ટિમ ગઠીથ કરવામાં આવેલ હોય, જેથી બધા સ્ટાફ PCR-4 માં જગ્યા પર જઈ સદર કંપનીમાં જઈ જોતાં સદર કંપનીના પાછળના ભાગે આઇસર ટેમ્પો નં DD 03 C 9966 માં સદર કંપનીનો ભંગારનો માલ ભરેલ હતો, જે સમયે સદર જગ્યા પર ટેમ્પાનો ડ્રાઈવર હાજર હોય જેથી સદર ટેમ્પાના ડ્રાઇવરને ટેમ્પા સાથે આગળની કાર્યવાહી કરવા માટે કો.પો.સ્ટે.કડૈયામાં લાવવામાં આવેલ હોય, તેમજ સદર  કંપની પર બેન્ક ઓફ મહારાસ્ટ્રવાળાઓએ સીલ કરેલ હોય, જે બંધ કંપની હોય, જેથી આ અજાણ્યા કબાડી તેમજ તેના ટેમ્પા ડ્રાઈવર સદર કંપનીમાં ચોરી કરવાના ઇરાદાથી કંપનીમાં જઈ કંપનીના ભંગારના માલની ચોરી કરી ટેમ્પામાં ભરેલ હોય, જેથી આ ટેમ્પા ડ્રાઇવર તેમજ ચોરી કરેલ ભંગારનો માલ ટેમ્પા સાથે રંગે હાથ પકડી અને જપ્ત કરી કોસ્ટલ પો.સ્ટે. કડૈયા લાવેલ જેથી તેની પૂછતાછ કરતાં તેને પોતાનો ગુન્હો કબૂલ કરેલ જેથી સદર બાબતની જાણ SHO કોસ્ટલ પો.સ્ટે. કડૈયા સાહેબને કરતા તેઓના આદેશ અનુસાર ગુન્હો રજીસ્ટર કરવાનું જણાવતા ઇ.પી.કો કલમ 380, 454 મુજબ રજીસ્ટર કરેલ ત્યાર બાદ તેઓની બધુ પૂછતાછ કરતા તેની સાથે ચોરી કરનાર બીજા ત્રણ આરોપીને પકડેલ જેમાં ટેમ્પો ડ્રાઈવર નામે 1)શિવ પ્રસાદ બદરી પ્રસાદ કોલ ઉ.વર્ષ 46 ધંધો- ટેમ્પો ડ્રાઈવર રહે- બાબુભાઇની ચાલ, રૂમ નં. 17, એરપોર્ટ રોડ, નાની દમણ, મૂળ વતન જીલ્લો- સેડોલ, મધ્ય પ્રદેશ 2) દુર્ગેશ છોટેલાલ સિંઘ ઉમર વર્ષ 21, ધંધો- ભંગારની દુકાનમાં, રહે- તસુર અલીના ભંગારના ગોડાઉનમાં, એરપોર્ટ રોડ, નાની દમણ. મૂળ વતન ગાવ- પથરાવદી, પોસ્ટ-નિગવાની,  પો.સ્ટે.- કોટમાં, જિલ્લો- અનૂપપુર, મધ્ય પ્રદેશ 3) તફિક અજીજ ખાન ઉ.વર્ષ 26 રહે- તસુર અલીના ભંગારના ગોડાઉનમાં, એરપોર્ટ રોડ, નાની દમણ. મૂળ વતન ગાવ- કુરસંદ, પોસ્ટ-મોહરીકલા, પો.સ્ટે. કેશરગંજ, જિલ્લો- બેહરજ, યુ.પી. 4) અતીઉલ્લા સુકરુલ્લા અન્સારી ઉ.વર્ષ 23 રહે- તસુર અલીના ભંગારના ગોડાઉનમાં, એરપોર્ટ રોડ, નાની દમણ. મૂળ વતન ગાવ- કુરસંદ, પોસ્ટ-મોહરીકલા, પો.સ્ટે. કેશરગંજ, જિલ્લો- બેહરજ, યુ.પી. વાળાઓની ધરપકડ કરી તેઓને અટક કરી કોસ્ટલ પોલીસ સ્ટેશનના લોક અપમાં રાખવામા આવેલ તેમજ આગળનું તપાસ કામ ચાલુ રાખવામાં આવેલ હોય.



ISSUED BY
DAMAN POLICE